# હજારો સ્થાનિક વેચાણકર્તા અને વધતી જતી ઇ-કોમર્સ માંગને પૂરી કરવા માટે ફ્લિપકાર્ટ ગુજરાતમાં તેના વેરહાઉસ નેટવર્કનું વિસ્તરણ કરશે

- **તે લગભગ 5 લાખ ચોરસ ફૂટ વિસ્તારની સાથે ચાર નવી પૂરવઠા ચેઇનનો ઉમેરો કરે છે, જેનાથી 5000 પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરીની તકો ઉભી કરશે**
- **રાજ્યમાં ઇ-કોમર્સ સર્વિસ માટેની વધતી જતી ગ્રાહકોની માગને નવું રોકાણ મદદ કરશે, જેનાથી વધતી જતી ઇકોસિસ્ટમ અને સ્થાનિક અર્થતંત્રને મજબુત બનાવવામાં મદદ મળશે.**

**અમદાવાદ- 5 ઓગસ્ટ, 2021:** ફ્લિપકાર્ટ, ભારતની હોમગ્રોન માર્કેટપ્લેસ, આજે ગુજરાતમાં 4 નવી પૂરવઠા ચેઇન સુવિધાની રજૂઆતની સાથે તેની પૂરવઠા ચેઇનના વિસ્તરણની જાહેરાત કરે છે, જેનાથી રાજ્યના સ્થાનિક વેચાણકર્તાને સપોર્ટ મળશે અને ઇ-કોમર્સ માટેની વધતી જતી માંગને પૂરી કરશે. ગુજરાતમાં પૂરવઠા ચેઇનનું વિસ્તરણએ રાજ્યોના અને નજીકના પ્રાંતમાં ઝડપી તથા અડચણરહિત ગ્રાહકોની સેવા કરવાની ફ્લિપકાર્ટની પ્રતિબદ્ધતાની વસિયત છે તથા તે એમએસએમઇ અને અન્ય સ્થાનિક વેચાણકર્તાઓને માર્કેટ એક્સેસને સક્ષમ બનાવતા તેના આર્થિક વૃદ્ધિમાં ફાળો આપશે.

અમદાવાદ અને સુરતમાં સ્થિત નવી સુવિધાએ એકિકૃત રીતે સમગ્ર વિસ્તારમાં લગભગ 5 લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલી છે, જે રાજ્યમાં 5000થી પણ વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ નોકરી ઉભી કરવામાં મદદ કરશે. આનાથી રાજ્યના લગભગ 35,000 જેટલા ગુજરાતના સ્થાનિક વેચાણકર્તાને મજબુત બનાવશે જેથી તેઓ રાષ્ટ્રિય બજારમાં એક્સેસ મેળવી શકે અને તે ગ્રાહકોને પસંદગીની વિશાળ રેન્જ અને ઝડપી ડિલિવરી આપી શકશે.

નવી સુવિધાનો વધારોએ ફ્લિપકાર્ટની વધુ ગ્રાહકો સુધી પહોંચવાની ક્ષમતાને વધારશે જેમાં લાખો પ્રથમ વખતના ઇ-કોમર્સના ગ્રાહકોનો પણ સમાવેશ છે, કેમકે આ પ્રાંતએ ઇ-કોમર્સ સર્વિસ માટેની માંગની વૃદ્ધિના સાક્ષી બન્યા છે. રસપ્રદ રીતે, ફ્લિપકાર્ટના 52 ટકા જેટલા ગ્રાહકોએ ટીયર-ટુ અને તેનાથી આગળના શહેરોમાંથી આવે છે, જે ઇ-કોમર્સ સર્વિસીસની વધતા જતા વિસ્તારના સાક્ષી છે

સાથોસાથ આ પ્રાંતના વેચાણકર્તાઓને તક પૂરી પાડે છે. રાજ્યમાં ફ્લિપકાર્ટનું આ નવું રોકાણએ હજારો નાના બિઝનેસને સપોર્ટ કરશે. સમયાંતરે ફ્લિપકાર્ટ જૂથએ રાજ્યમાં 1.3 લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ સ્થાનિક નોકરીની તકો ઉભી કરશે, જે ગુજરાતની અંડર-સર્વ સમુદાયને આ માર્કેટ એક્સેસમાં લાવે છે.

શ્રી વિજય રૂપાણી, ચીફ મિનિસ્ટર, ગુજરાત સરકાર, રાજ્યમાં ફ્લિપકાર્ટના રોકાણ અને પ્રયાસોની પ્રસંશા કરતા જણાવે છે કે, "ગુજરાતએ વેચાણકર્તાઓના જીવનમાં સમૃદ્ધિ લાવીને વેપારના મહત્વને તથા ગ્રાહકોની વિવિધ જરૂરિયાતને સમજે છે. ઇ-કોમર્સએ સમગ્ર ભારતના ગ્રાહકોના સ્થાનિક વેચાણકર્તા ઇકોસિસ્ટમમાં એક મહત્વની ભૂમિકા ભજવે છે અને રાજ્યમાં ફ્લિપકાર્ટની પૂરવઠા ચેઈનના વિસ્તરણને જોઈને આનંદ થાય છે તેનાથી હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે તથા હજારો એમએસએમઇ, સ્થાનિક ટ્રેડર્સ અને કલાકારો માટે નવી તકો ખૂલશે. ગુજરાત સરકારએ રાજ્યના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે, જેમાં ઇ-કોમર્સ માટે સક્ષમ ઇકોસિસ્ટમનું નિર્માણ પણ છે, જે આ ક્ષેત્રમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપવા માટે ફ્લિપકાર્ટ જેવા ઉદ્યોગીક અગ્રણી સાથે મળીને કામ કરે છે."

નવા ફિલફૂલમેન્ટ સેન્ટરની રજૂઆત વિશે જણાવતા, કલ્યાણ ક્રિષ્નામૂર્તિ, જૂથ સીઇઓ, ફ્લિપકાર્ટ કહે છે, "એક મજબૂત પૂરવઠા ચેઇનએ વેપાર અને વ્યવસાયના લગભગ દરેક પાસા પર એસ સરખી અસર કરે છે. પાછલા ઘણા વર્ષોથી ફ્લિપકાર્ટએ વિશ્વકક્ષાએ મોટું રોકાણ કર્યું છે, જેનાથી પૂરવઠા ચેઇનને ટેકનોલોજીથી સક્ષમ બનાવી શકાય અને છેવટ સુધીના માળખા સુધી પહોંચી સ્થાનિક સ્તરે લાખો નોકરી ઉભી કરી શકાય અને અદ્દભુત ગ્રાહક અનુભવ આપી શકાય. ગુજરાતમાં પૂરવઠા ચેઇનની હાજરીને મજબુત બનાવવાની સાથે અમે ગુજરાતના એમએસએમઇ, વેચાણકર્તાને, રાજ્યના હજારો કિરાણા પાર્ટનરને સપોર્ટ કરવા ઇચ્છીએ છીએ, સાથોસાથ વધારાની હજારો સ્થાનિક નોકરીઓ પણ ઉભી કરીશું. અમે માનનિય મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના તથા રાજ્ય સરકારના સહકારને બિરદાવીએ છીએ અને પ્રગતિ તથા વિકાસમાં ભાગીદાર બનવા પ્રતિબદ્ધ છીએ."

પાછલા કેટલાક વર્ષોમાં લાખો નવા ગ્રાહકો, વેચાણકર્તા અને કિરાણા પાર્ટનર્સની સાથે ગુજરાતએ મજબુત ઇ-કોમર્સ માર્કેટ તરીકે ઉભરી આવ્યું છે, જેનાથી ઇ-કોમર્સની જરૂરિયાતને પૂરી કરી શકાય અને તેનો ઉપયોગ કરીને આંત્રપ્રિન્યોરશીપની તકો પણ ઉભી થઈ શકે છે.

આ વર્ષની શરૂઆતમાં ફ્લિપકાર્ટએ ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડિક્રાફ્ટ્સ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લી.ની સાથે એક એમઓયુ સાઈન કર્યું હતું. ફ્લિપકાર્ટ સમર્થના એક ભાગ તરીકે આનો હેતુ સમગ્ર દેશના હજારો કલાકારો, વણકરો અને કારીગરોને ઇ-કોમર્સમાં લાવવાનો હતો, જેથી તેમને ફ્લિપકાર્ટ

માર્કેટપ્લેસ પર સક્ષમતાથી, પારદર્શક તથા અસરકારક ખર્ચની રીતે પણ તેમનો બિઝનેસ સેટ કરવામાં મદદ મળે.

વધુમાં ફ્લિપકાર્ટએ પશ્ચિમના ગ્રાહકો માટે ઇ-કોમર્સની સાથે વધુ સાંકળવા માટે પ્રયત્ન કરી રહી છે, કેમકે તેને ફ્લિપકાર્ટ એપમાં 11 ભારતીય ભાષાનો સમાવેશ કર્યો છે, જેમાં હિન્દી, ગુજરાતી, મરાઠી સહિતની અન્ય મુખ્ય ભારતીય ભાષા પણ સામેલ છે.

## About the Flipkart Group

The Flipkart Group is one of India's leading digital commerce entities and includes group companies Flipkart, Myntra, Flipkart Wholesale, and Cleartrip. The Group is also a majority shareholder in PhonePe, one of the leading Payments Apps in India.

Started in 2007, Flipkart has enabled millions of consumers, sellers, merchants, and small businesses to be a part of India's digital commerce revolution, with a registered customer base of more than 350 million, offering over 150 million products across 80+ categories. Our efforts to democratize commerce in India, drive access and affordability, delight customers, create lakhs of jobs in the ecosystem, and empower generations of entrepreneurs and MSMEs have inspired us to innovate on many industry firsts. Flipkart is known for pioneering services such as Cash on Delivery, No Cost EMI and easy returns – customer-centric innovations have made online shopping more accessible and affordable for millions of Indians. Together with its group companies, Flipkart is committed to transforming commerce in India through technology.

**For more information, please contact media@flipkart.com**